પાલનપુરના જોડનાપુરા પાસે અકસ્માત થતા ટ્રેક્ટરે કર્યું શીર્ષાસન

પાલનપુરના ડીસા હાઈવે પર જોડનાપુરા પાટિયા પાસે એસ.ટી. બસ અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રેક્ટરે જાહેરમાં શીર્ષાસન કરતા તે જોવા લોકો ટોળે વળ્યાં હતા. પાલનપુરના જોડનાપુરા પાટિયા પાસે બ્રધર્સ બેકરી સામે એસ.ટી. અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ટ્રેક્ટર જાહેર રોડ પર ઊંધા માથે પડેલું જોવા મળ્યું હતું. અકસ્માતને પગલે લોકોના ટોળાં ઉમટ્યા હતા. અકસ્માતમાં જાનહાની ટળી હતી. પરંતુ એકાદ-બે વ્યક્તિઓને નાની મોટી ઈજા થતા તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા.

ડીસાના જીઆઈડીસીમાં ફૂડ વિભાગનો દરોડો

સોનમ ઇન્ટર એસ્ટ્રીફાઇડ વેજ ફેટનો જથ્થો સિઝ

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા દિન પ્રતિદિન ડુપ્લીકેટ અને ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોનું ‘ હબ‘ બની રહ્યું છે જેમાં ડીસાના રેલવેસ્ટેશન વિસ્તારમાં તો ઘી, તેલ -મરચા અને હળદર સહિત અનેક ખાદ્ય ચીજવસ્તુ ઓનું મોટા પ્રમાણમાં ભેળસેળ તેમજ ડુપ્લિકેટિંગ થાય છે જેનું જિલ્લાથી લઈને રાજય લેવલ સુધી નેટવર્ક ફેલાયેલું છે ત્યારે ડીસાના જી. આઈ. ડી. સી. માં મોટાભાગે દિવસ દરમિયાન બંધ રહેતી અનેક ફેકટરીઓ રાત્રે ધમધમી ઉઠે છે જ્યાં બ્રાન્ડેડ કમ્પનીના નામના ઘી અને તેલના ડબ્બા પેકીંગ કરી મોટો જથ્થો બનાવી રાતો રાત વાહનો મારફત જિલ્લામાં જ નહીં પણ છેક રાધનપુર અને રાજસ્થાનમા પહોંચાડી દેવામાં આવે છે વર્ષોથી ચાલતો આ સિલ સિલો આજેપણ યથાવત છે ફૂડ વિભાગ દ્વારા પણ નામ

માત્રની તપાસ કરી માત્ર નાટક ભજવાય છે જેને લઈ ને ભેળસેળીયા તત્વોને મોકળું મેદાન મળ્યું છે જેથી × ડી × ફોર ડીસાની છબી રાજય લેવલે ખરડાઈ છે તેવામાં મંગળવારે ડીસાના જીઆઈ ડીસી વિસ્તારમાં આવેલ ચેતનકુમાર દેવચંદભાઈ હેરુવાળાની કનેયા પ્રોડકટ નામની ફેકટરીમાં ફૂડ વિભાગ ના અધિકારીઓએ તપાસ હાથ ધરતા આ ફેકટરીમાંથી સોનમ ઇન્ટ્રીસ્ટરીફાઇડ વેજ ફેટના શંકાસ્પદ એક લીટરના ૬૦ પેકીંગ મળી આવતા ૮૪૦૦ રૂપિયાનો જથ્થો સિઝ કરી તેના સેમ્પલ ચકાસણી અર્થે મોકલી આપ્યા હતા આ બાબતે જીલા ફૂડ વિભાગના એસ. કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે આજે જી આઈડીસીમાં ચેતનકુમાર દેવચંદભાઈ હેરુવાળાની ફેકટરીમાં તપાસ કરતા સોનમ ઇટરેસ્ટરીફાઇડ વેજ ફેટનો ૬૦ લીટરનો જથ્થો સિઝ કરી તેના નમૂના (સેમ્પલ) ચકાસણી અર્થે મોકલી આપ્યા છે અને રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ ઉમેર્યું હતું. જો કે ફૂડ વિભાગના દરોડના પગલે લેભાગુ વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

પાલનપુર ગઠામણ દરવાજા વિસ્તારમાં ચાની લારી ધરાવતા એક વ્યક્તિ પર હુમલો

સરહદી બનાસકાંઠા જિલ્લામાં મારા- મારીના બનાવો

ચિંતા જનક હદે વધારો થઈ રહ્યો છે.જેમાં પાલનપુર ગઠામણ દરવાજા વિસ્તારમાં ચાની લારી ચલાવી પરીવારનું ગુજરાન ચલાવતા ચમનજી ઠાકોર સવારમાં પોતાની ચાની લારી લઈને ઊભા હતા. ચાની લારી પાસે ગાડી પાર્ક કરવાના મુદ્દે સામાન્ય બોલાચાલી થઈ હતી.

જેથી અડચણ રૂપ પડેલી ગાડી હટાવવાનું કેહવા છતા ગાડી ન હટાવતા ચાની લારીના સંચાલકે ગાડીની હવા કાઢી હતી.જેથી ચાલકે ચાની લારીના સંચાલકને અપશબ્દો બોલી ત્યાથી રવાના થઈ ગયો હતો.ત્યારબાદ તેના સાગરિતો સાથે આવી ચાની લારીના સંચાલક ઉપર પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.જેથી હુમલો કરનાર શખ્સો ત્યાથી ફરાર થઈ ગયા હતા.ત્યારબાદ ઈજાગ્રસ્તને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.આ ઘટનાની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરાની વી.એન. સવાણી પ્રાથમિક શાળામાં ધો-૮નો વિદાય સમારંભ યોજાયો

ધાનેરા ડી.બી.પારેખ હાઈસ્કુલ અંદર આવેલ વી.એન.સવાણી પ્રાઈમરી શાળા માં બાલમંદિર થી ધોરણ ૮ સુધીનો અભ્યાસ કરાય છે તાજેતરમાં માર્ચ એપ્રિલ ૨૦૨૦ ની પરીક્ષાઓ નજીક હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારી માં લાગી ગયા છે વી.એન. સવાણી માં ધોરણ ૮ નો અભ્યાસ પૂર્ણ કરી ડી.બી. પારેખ હાઈસ્કુલ માં દાખલ થતા પહેલા એક વિદાય સમારંભ કાર્યક્રમનું આયોજન કરેલ જેમાં વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો ગુરુજી પ્રત્યે પ્રેમ અને લાગણી તેમજ તેમને શીખવેલ જ્ઞાન મંતવ્ય વ્યક્ત કર્યું હતું અને સાથે બેસીને નાસ્તો પણ કર્યો હતો આ કાર્યક્રમમાં ડી.બી .પારેખ હાઈસ્કૂલના આચાર્ય શ્રી ચેનજીભાઈ સોલંકી તથા વી.એન.સવાણી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી જશવંતભાઈ જોશીએ બાળકોને વધુ આગળ શિક્ષણ લઈ મા-બાપનુ નામ તેમજ શાળાનું નામ રોશન કરવા જાગૃત કરેલ આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓમાં વિદાયની વેળાએ મિત્ર મંડળ તેમજ ગુરુ થી છુટા પડવાના પ્રસંગે ગમ-ગીન માહોલ છવાયો હતો.

ડીસામાં મન દુ:ખની અદાવતમાં જીવલેણ હુમલો

પાંચ ઇજાગ્રસ્તો સારવાર હેઠળ : દશ વિરુદ્ધ ફરીયાદ

ડીસા શહેરમાં રવિવારે રાત્રીના સુમારે સ્ત્રી મૈત્રી કરારના મનદુ:ખની અદાવત રાખી દસ વ્યકિતના ટોળાએ હથિયાર સાથે હુમલો કરતાં યુવક સહિત પાંચ વ્યકિતને ઈજાઓ થતાં ડીસા બાદ વધુ સારવાર માટે પાલનપુર ખસેડાયા હતાં.

ડીસા શહેરના રીસાલા બજાર નજીક આવેલ શ્રીરામ ચોકમાં રહેતાં ભાવેશભાઈ શંકરલાલ મહેસુરીયાએ પૂર્ણિમાબેન સોની સાથે સ્ત્રી મૈત્રી કરાર કરી સાથે રહેતાં હતાં. આ બન્ને જણા થોડા દિવસ અગાઉ જ ડીસા ખાતે આવ્યા હતાં. ત્યારે રવિવારે રાત્રીના સમયે ભાવેશભાઈ પોતાના પરીવાર સાથે ઘરના ઓટલા પર બેઠા હતાં તે દરમ્યાન શહેરની વિરેન પાર્ક સોસાયટીમાં રહેતાં અશોકભાઈ ભવરલાલ સોની, પિયુષ અશોકભાઈ સોની, રાહુલ અશોકભાઈ સોની, ભરત અશોકભાઈ સોની, મુકેશભાઈ સોની અને ચેયનભાઈ સોની સહિત દસ વ્યકિતના ટોળાએ હુમલો કરતાં ભાવેશ મોદી સહિત પાચ વ્યકિતને ઈજાઓ થતાં ડીસા સિવિલ બાદ વધુ સારવાર માટે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ભાવેશ શંકરલાલ મહેસુરીયા (મોદી) એ ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકે ફરીયાદ નોધાવતા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજ અવરઓન હાઈસ્કૂલ ખાતે રંગારંગ વાર્ષિકોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ ખાતે રંગોત્સવ વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને આવનાર મહેમાનો વાલીઓ પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલ, અવરઓન વિજ્ઞાન પ્રવાહ, અવરઓન વિદ્યાવિહાર, સુબામીયા ડી. કસ્બાતી વિદ્યાભવન ઇંગ્લીંશ મીડીયમ સ્કૂલ, માતૃશ્રી મહાલક્ષ્મીબેન કાશીનાથ જોષી બાલમંદિર વિવિધ સંસ્થાઓ દ્વારા રંગોત્સવ-૨૦૨૦ વાર્ષિકોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો દ્વારા પ્રાર્થના, મેજિક સોંગ, અભિનયગીત, રોમિકસ, ગરબો, સ્વાગત ગીત, દુર્ગાપૂજા, ડાન્સ, અભિનયગીત, દેશભકિત ગીત, પંજાબી ગીત, કોમેડી ગીત સહિતના વિવિધ કાર્યક્રમોમાં બાળકોએ ભાગ લઈને આવનાર મહેમાનો તથા વાલીઓના પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. આ પ્રસંગે ઈ.આઈ. સાબરકાંઠા જિલ્લા શિક્ષણ કચેરી હિંમતનગરના અરૂણાબેન એલ. દેસાઈ, ડિસ્ટ્રીકટ સ્પોર્ટ્સ કોચ હિંમતનગરના ત્રિવેણીબેન સરવૈયા, મંડળના મંત્રી રઈશભાઈ કસ્બાતી, જયંતિભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, ભરતભાઈ ફડીયા, અરવિંદભાઈ કોઠારી, શાળાના આચાર્ય પી.કે. પટેલ, ઈંગ્લીંશ મિડીયમ સ્કૂલના પ્રિન્સિપાલ રેખાબેન ગુપ્તા, આચાર્ય પરેશભાઈ પરમાર, પ્રિન્સીપાલ જાગૃતિબેન, મહેલભાઈ પટેલ, જગદીશભાઈ રાવલ, શાળાના શિક્ષકો સહિત પ્રાંતિજ તથા આજુબાજુના રહિશો વાલીઓ લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. અવરઓન હાઈસ્કુલ ખાતે શાળા પરિવાર દ્વારા પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ સહિત પ્રાંતિજ સહિત તાલુકામાંથી લોકો મોટી સંખ્યામાં સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળવા આવતા મેદાન પણ નાનુ પડયું હતું. અવરઓન હાઈસ્કૂલ દ્વારા સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું લાઈવ પ્રસારણ ઝેડએસટીવી ઉપર કરવામાં આવ્યું હતું અને આ સાંસ્કૃતિક કાર્યક્રમોને ગુજરાત દેશ સહિત વિદેશોમાં રહેતા ગુજરાતીઓ ભારતીયોએ સીધુ લાઈવ પ્રસારણ જોઈને ખુશી વ્યક્ત કરી હતી અને અવરઓન હાઈસ્કુલનો આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીને પ્રોત્સાહિત કર્યા તો સમગ્ર કાર્યક્રમનું સફળ એલાઉન્સ મેન્ટ પવનબેન પટેલ, મતાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ સંસ્કાર વિદ્યાલય ખાતે વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી કરાઈ હતી. જેમાં સંસ્કાર વિદ્યાલયના બાળકોને પ્રાણીઓ વિષે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી.

પ્રાંતિજ નાની ભાગોળ વિસ્તારમાં આવેલ શ્રી વેરાઈમાતા મંદિર પાસે આવેલ સંસ્કાર વિદ્યાલય ખાતે આજે વનવિભાગની વિસ્તરણ રેન્જ પ્રાંતિજ દ્વારા વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણીને લઈને સંસ્કાર વિદ્યાલયના બાળકોને વન્યજીવી પ્રાણીઓ સહિત પશુ પંખીઓની વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ આર.એફ.ઓ. જી.વી. દેસાઈ, વન રક્ષક કે.એમ. સરવૈયા તથા તેમની ટીમ ઉપસ્થિત રહીને તેમના સંરક્ષણ અને સંવર્ધન વિષે માહિતગાર કર્યા હતા. શાળાના આચાર્ય તથા સ્ટાફ દ્વારા સહયોગ પુરો પાડવામા આવ્યો હતો.

ટીબીના દર્દી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સઘન બનાવવા પર ભાર મુકાયો હતો. આ બેઠકમાં પોષ્ટ ઓફિસ દ્વારા જો કોઈ લાભાર્થી તેના સેવિંગ ખાતા માટે આવશે તો વિના વિલંબે પોષ્ટ બેંકમાં તે ખોલી આપવામાં આવશે તેમ પોષ્ટ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું.

આ બેઠકમાં ફોરમના સભ્યો ઉપરાંત તાલુકાના વિવિધ આરોગ્ય કેન્દ્રોના તબીબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ ત્રિવેદીએ પ્રેઝન્ટેશન રજુ કરી સભ્યોને આવકાર્યા હતા.

આ બેઠકમાં શિક્ષિત સમાજમાં પણ ટી.બી.ને લઈ ચાલી રહેલી અંધશ્રદ્ધાની વાતો સામે લોકોને સાચી જાણકારી મળે તેવા સહિયારા પ્રયાસ પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

નવી સૂચનાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુરૂવારના રોજ મંત્રીઓ સચિવશ્રીઓ તેમજ ખાતાના વડાઓ સાથે ચર્ચા-વિચારણા માટે અનામત રખાશે અને બપોર પછી આંતર વિભાગીય બેઠકો યોજી શકાશે.

શુક્રવાર અને શનિવારના રોજ મંત્રીઓ પ્રવાસ માટે અનામત રાખી શકશે. મંત્રીઓ પ્રવાસમાં ન હોય તો અધિકારી કક્ષાની બેઠકો માટે અનામત રાખી શકાશે.

સોમવાર અને મંગળવારના દિવસોએ સર્વે મંત્રીઓ તથા અધિકારીઓએ તેમની કચેરીમાં અચુક હાજરી આપવી. આ દિવસોએ કોઈ બેઠક કે અપીલની સુનાવણી પણ હાથ ધરવી નહિ. બેઠક રાખવી અતિ જરૂરી જણાય તો યોગ્ય કક્ષાએ ખાસ પરવાનગી લઈ તે કરી શકાશે.

જિલ્લા કલેકટરો સાથે બીજા અથવા ચોથા બુધવારે જ બેઠકો યોજી શકાશે નહિ. આ સિવાય અન્ય કોઈ દિવસ જિલ્લા કલેકટોરને ગાંધીનગર ખાતે બોલાવવા નહિ તેવી સ્પષ્ટ સૂચના આ પરિપત્રમાં આપવામાં આવી છે. સરકારના સચિવશ્રીઓએ પણ સોમથી ગુરૂ સુધી એક નિયમ તરીકે કાર્યમથકે હાજરી આપવાની રહેશે. કાર્યમથક છોડવાનું થાય તો મુખ્ય સચિવશ્રીની લેખિતમાં પૂર્વ પરવાનગી લેવાની રહેશે તે પછી જ કાર્યમથક છોડી શકશે. શુક્ર અને શનિવારે પણ કાર્યમથક છોડતા પહેલાં મુખ્ય સચિવશ્રીને જાણ કરવાની રહેશે.

દર મહિનાના છેલ્લા ગુરૂવારે મુખ્યમંત્રીશ્રી ‘‘સ્વાગત’’ કાર્યક્રમ હેઠળ લોકપ્રશ્નોના નિવારણ માટે ખાતાના વડા, પ્રાદેશિક કે જિલ્લા કક્ષાના અધિકારીઓ સાથે ‘ઓનલાઈન કોન્ફરેસીંગ’ કરતા હોય છે. આ દિવસે પણ અધિકારીઓએ આખો દિવસ કચેરીમાં અચુક હાજરી આપવાની રહેશે. મંત્રીઓ તથા અધિકારીઓના કામકાજના સમયમાં કોઈ દખલ ઉભી ન થાય તે માટે જિલ્લાસ્તરની મીટીંગો શુક્રવાર કે શનિવારના દિવસોએ જ ગોઠવવી. આમ છતાં તાલુકા સંકલન સહ ફરિયાદ સમિતિની દર મહિનાના ત્રીજા શનિવારે યોજાતી બેઠકમાં લોકપ્રશ્નોના નિકાલના કામે જિલ્લા તથા તાલુકા કક્ષાના અધિકારીઓની હાજરી અનિવાર્ય હોય છે. આથી સચિવાલય તથા ખાતાના વડા કક્ષાએ યોજાતી એવી મિટીંગો જેમાં જિલ્લા/તાલુકા કક્ષાના અધિકારીઓને બોલાવવાના હોય તેવી મીટીંગો ત્રીજા શનિવારે યોજવી નહી.

સંસદનું તથા વિધાનસભાનુ સત્ર ચાલુ હોય ત્યારે જે મિટીંગમાં સંસદસભ્યો તથા વિધાનસભ્યોએ હાજરી આપવાની હોય તેવી મિટીંગ બોલાવવી નહીં. આમ છતાં અનિવાર્ય કારણોસર મિટીંગ બોલાવવી આવશ્યક હોય તો તેવી મિટીંગ સંસદના તથા વિધાનસભાના ચાલુ કામકાજના દિવસે નહીં બોલાવતા શનિવાર અગર રવિવારના દિવસે યોજવી. સંસદ તથા વિધાનસભાના સભ્યશ્રી કે પ્રજાના ચૂંટાયેલા અન્ય પદાધિકારીઓ જેવા કે જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખો, નગરપતિ કે મેયર દ્વારા સરકારી અધિકારીઓને કચેરી સમય દરમ્યાન તેમની કચેરીના લેન્ડ લાઈન ફોન ઉપર સંપર્ક કરે અને કોઈ સંજોગોમાં સંબંધિત અધિકારી જે તે સમયે ઉપસ્થિત ન હોય અથવા તો મીટીંગ કે અન્ય રીતે વ્યસ્ત હોય અને તેથી ચૂંટાયેલા પદાધિકારી સાથે વાત કરી શકે તેમ ન હોય તેવા સંજોગોમાં આવા અધિકારીએ જ્યારે પણ તે કચેરીમાં પરત ફરે અથવા તો વ્યસ્તતતામાંથી છૂટા થાય ત્યારે તૂર્ત જ આવા ચૂંટાયેલા પદાધિકારીઓને સામેથી ફોન કરવો.

ચૂંટાયેલા પદાધિકારી જ્યારે સરકારી અધિકારીને તેમની કચેરીના ફોન પર ફોન કરે ત્યારે તેમની ગેરહાજરીમાં ફોન ઉપાડનાર કર્મચારી ખાસ કરીને અધિકારીના અંગત મદદનીશ કે રહસ્ય સચિવ આ ફોનની નોંધ કરી તેની યાદી રાખશે. જે સંબંધિત અધિકારીશ્રી કચેરીમાં આવે કે તુર્ત જ તેમના ધ્યાન પર આ નોંધની યાદી મુકવાની રહેશે.

બાળકોના મોત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં પિડિયાટ્રીશીયન અને મેડીકલ ઓફિસરની જગ્યાઓ અગ્રતાના ધોરણે ભરવામાં આવી રહી છે. સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતા ડોક્ટર તથા નર્સિંગ સ્ટાફને ફેસીલીટી બેઝ ન્યુબોર્ન કેરની ખાસ તાલિમ પણ આપવામાં આવે છે.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે. સીક ન્યુબોર્ન કેર યુનિટમાં જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ફાળવવાની સાથે બાળકોના મૃત્યુ અટકે તે દિશામાં સરકારે તમામ પગલાંઓ લીધા છે.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઓફ ફાયનાન્સનું મેમોરેન્ડમ સરકારને મળેલ હતુ અને સરકારે શું નિર્ણય કર્યો તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાણાં વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે આ મેમોરન્ડમની નકલ મળી છે.

તેમણે કહ્યુ કે પ્રસ્તુત બાબત પરત્વે મંત્રીમંડળની પેટા સમિતિ દ્વારા વિવિધ મુદ્દાઓ પરત્વે વિચારણા કરી સરકારે અહેવાલ રજુ કરાશે ત્યારબાદ સદરહુ મેમોરેન્ડમના અમલ બાબતે વિચારણા કરવામાં આવશે.

● **દહેગામ તાલુકામાં કોઝવે**

ભાજપના દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ દહેગામ તાલુકાના લવાડથી વાસણા સોગઠી વચ્ચે મેશ્વો નદી પર કોઝવે બનાવવાના આયોજન અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે હા આ અંગેનું આયોજન છે.

આ કોઝવે બનાવવા માટે રૂ. ૨ કરોડની રકમ પણ મંજૂર કરવામાં આવી હોવાનું તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ.

● **નવા રસ્તાઓની મંજૂરી**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં પંચાયત પ્રભાગ અન્વયે કેટલા નવા રસ્તાઓ અને કેટલા રસ્તાઓના સમારકામ કરવાની મંજૂરી આપી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના ૮૧ નવા માર્ગના કામ મંજૂર કરવામાં આવ્યા છે જ્યારે ૮૯ માર્ગોના સમારકામ મંજૂર કરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૮માં નવા મંજૂર કરાયેલા ૮ માર્ગોમાંથી ૧ કામ પૂર્ણ થયુ છે. પાંચ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે ૨ કામો હજુ શરૂ થવાના બાકી છે.

આ જ પ્રમાણે સમારકામના આ વર્ષમાં મંજૂર થયેલ ૧૮ કામો પૈકી ૮ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે બાકી ૧૦ કામો છે. ૨૦૧૯માં નવા ૭૩ કામ મંજૂર થયા હતા જેમાંથી ૪ પ્રગતિ હેઠળ છે જ્યારે ૬૯ કામ હજુ બાકી છે. આજ પ્રમાણે સમારકામના મંજૂર થયેલ ૭૧ કામો પૈકી ૧૦ કામ પૂર્ણ થયા છે ૩ પ્રગતિ હેઠળ છે જ્યારે ૫૮ કામ બાકી છે. તેમણે કહ્યુ હતુ કે બાકી રહેલા કામો પૈકી ૬૮ કામો વર્ક ઓડરના તબક્કે છે. ૧૦ કામોની ટેન્ડર મંજૂરીની પ્રક્રિયામાં છે તો ૬૦ કામો ટેન્ડર પ્રક્રિયા છે અને ૧૭૭ કામો ડી.ટી.પી. તબક્કે વહીવટીય પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ આ કામો કરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

દેશમાં એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, જે લોકોની ભારતની યાત્રાને લઈને ગણતરી થઈ રહી છે તે હાલ યાત્રા ટાળી શકે છે. કેટલાક યાત્રીઓ યાત્રા ટાળી શકે તેવી સ્થિતિમાં નથી. આવા લોકોને ભારતીય દૂતાવાસ અથવા વાણિજ્ય દૂતાવાસનો સંપર્ક કરવા માટે કહેવામાં આવ્યું છે. કોરોના વાયરસના દિલ્હી પહોંચવાના સંકેત બાદ તેના નાઈડા અને આગરામાં પણ પહોંચવાના ખતરા દેખાઈ રહ્યા છે જેના લીધે નોઈડાની એક મોટી સ્કુલને ત્રણ દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે.

ત્વરિત પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચીન સહિત અન્ય દેશોમાં કોરોના વાયરસના ચેપ વધવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ટિનિડેઝોલ, મેટ્રોનાઈડેઝોલ, વિટામિન B1, B6, B12 અને પ્રોજેસ્ટેરોન બનાવવામાં કામ આવનારા ફોર્મૂલેશનના એક્પોર્ટ પર પણ રોક લગાવવામાં આવી છે.

સસ્પેન્ડ થશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંસદોને આકરી ચેતવણી આપતા કહ્યું હતું કે, જો કોઈ સાંસદ બીજાની બેઠક પર ગયા તો તેને આખા સત્ર માટે સસ્પેન્ડ કરી દેવામાં આવશે. લોકસભા અધ્યક્ષે આજે આકરા સ્વરમાં કહ્યું હતું કે, વિરોધ પક્ષના સાંસદોની દિલ્હી હિંસા પર તુરંત ચર્ચાની માંગણી પર કહ્યું હતું કે, આ મામલે સહમતિ બની હતી કે ગંભીર વિષય આવશે તો પ્રશ્નકાળ બાદ જ તેના પર ચર્ચા હાથ ધરવામાં આવશે. ગઈ કાલની ધક્કામુક્કી પર પણ સર્વપક્ષીય બેઠકમાં બે બાબતે ચર્ચા થઈ હતી. સદનની અંદર સત્તા કે વિરોધ પક્ષનો કોઈ પણ સભ્ય જો એક-બીજાની બેઠક પર નહીં જાય. જો જશે તો તો તેને આખા સત્ર માટે સસ્પેન્ડ કરવામાં આવશે.

કડક કજા કરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાગી હતી ત્યારે જ દિલ્હી પોલીસે ઝડપી પગલા ભર્યા હોત તો ઘણી લોકોના જીવ બચાવી શકાયા હોત.

દિલ્હીમાં ગત સપ્તાહે થયેલી હિંસામાં મૃતકોની સંખ્યા ૪૭ થઈ ગઈ છે. લગભગ ૨૦૦ લોકો ઘાયલ છે. જેમની દિલ્હીની વિવિધ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

અંતે પકડાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આધાર પર ધરપકડ કરી લેવામાં આવી હતી. દિલ્હીના જાફરાબાદ હિંસામાં ચહેરા તરીકે મોહમ્મદ શાહરૂખ રહ્યો હતો. વિડિયો વાયરલ થયા બાદ તે તેના પરિવારની સાથે ફરાર થઈ ગયો હતો. શાહરૂખની સાથે તેના પરિવારના સભ્યો પણ લાપતા છે. શાહરૂખ દિલ્હીના પોલીસ સ્ટેશન ઉસ્માનપુરનો નિવાસી છે. શાહરૂખ ખાનના પરિવારમાં મોટા ભાઈ અને માતાપિતા છે. જો કે હાલમાં સમગ્ર પરિવારના સભ્યો લાપતા છે.

ઘૂસણખોરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘુસી આવ્યા છે. ચાગલાગમ વિસ્તારમાં ચીની સેનાએ પથ્થરો પર મંદારિન ભાષામાં નિશાનો બનાવ્યા છે અને તે વિસ્તાર પર પોતાનો કબ્જો હોવાનું જાહેર કરી દીધું છે. ચાગલાગમ વિસ્તારમાં અત્યંત દુર્ગમ જગ્યાએ આવેલો છે. આ વિસ્તારમાં પાકા રસ્તા પણ નથી બનાવવામાં આવેલા. જિલ્લા મુખ્યાલય હયુલિંગ સુધી પહોંચવા માટે સ્થાનીક લોકોને બે દિવસ સુધી પગપાળા ચાલીને જવું પડે છે.